





# કરવા ચોથ પર પતિ પણ રાખે વ્રત, ડિનર ડેટથી કરે પ્રેમ વ્યક્ત

બદલાતા સમયની સાથે કરવા ચોથની પરંપરા પણ નવા રંગો ધારણ કરી રહી છે. પહેલાં આ દિવસે મોટાભાગે સુહાગન મહિલાઓ જ નિર્જળ વ્રત રાખતી હતી. જોકે, આજના સમયમાં પતિઓ પણ પત્ની માટે વ્રત રાખી અનોખી રીતે તેમના લાઈફ પાર્ટનર માટે પ્રેમ વ્યક્ત કરે છે. કરવા ચોથ ઉજવણીના બદલાતા ટ્રેન્ડમાં હવે રોમેન્ટિક ડિનર ડેટનો પણ સમાવેશ થઈ રહ્યો છે. રૂફટોપ રેસ્ટોરન્ટ કે કેન્ડલ લાઈટ ડિનરનું આયોજન કરી આ દિવસને યાદગાર બનાવે છે. મોંઘી ગીફ્ટ આપવા કરતા પત્ની સાથે ક્વોલિટી ટાઈમ વિતાવવો વધુ મહત્ત્વનો બની રહ્યો છે. કરવા ચોથનું વ્રત હવે હસબન્ડ પણ રાખી પત્નીના સ્વાસ્થ્ય માટેની શુભકામનાઓ વ્યક્ત કરે છે. સુરતમાં તો હવે ગુજરાતી કપલ્સ પણ કરવા ચોથની પરંપરા સાથે અનોખી ઉજવણી કરી આ વ્રતને કાયમી સંભારણું બનાવે છે. ચાલો કરવા ચોથની ઉજવણીમાં કયા નવા રંગો ઉમેરાયા છે તે જાણીએ...

## વ્રત ખુલતા પત્ની તરફથી સ્વીટ સરપ્રાઇઝ મળે





આંચલ ગર્ગના પ્રિયાંશુભાઈ સાથે મેરેજને અઢી વર્ષ થયા છે. પ્રિયાંશુ બે વર્ષથી વાઈફ આંચલ સાથે કરવા ચોથનું વ્રત કરે છે. તેમને સ્વીટ્સ બહુ ભાવે એટલે રાત્રે વ્રત ખુલે ત્યારે પત્ની તરફથી અવનવી સ્વીટ્સની સરપ્રાઈઝ મળે. આંચલ ગર્ગે જણાવ્યું કે હું મૂળ પંજાબના પટિયાલાની વતની છું. હું વર્કિંગ પણ છું અને મારા હસબન્ડનો જ્વેલરીનો બિઝનેસ છે. મારા હસબન્ડનું કહેવું છે કે એકબીજા માટે વ્રત રાખવું એ પ્રેમની અભિવ્યક્તિ છે. તેઓ કહેતા હોય કે આંચલ તું મારા માટે આખો દિવસ તરસી રહે છે તો હું પણ તારા માટે તરસ્યો રહી શકું ને! કરવા ચોથ પહેલા હું મહેંદી આર્ટિસ્ટ પાસે હાથ પર મહેંદી લગાવવા જાઉં ત્યારે મારા હસબન્ડ પણ મારી પાસે જ ઊભા હોય. અમે સવારે સૂર્યોદય પહેલા સરગી ખાઈ લેતા હોઈએ પછી આખો દિવસ પાણી પણ નથી પીતા. આકાશમાં ચંદ્ર દેખાય ત્યારે એકબીજાને પાણી પીવડાવી વ્રત ખોલીએ અને રેસ્ટોરન્ટમાં ડીનર ડેટ પર જઈએ જ્યાં મારા હસબન્ડ મને ગિફ્ટ આપી મારા પ્રત્યે લાગણી દર્શાવે. મારા હસબન્ડ મારા માટે વ્રત રાખે છે તે વાત નજીકના લોકો બીરદાવે છે.

## 15 વર્ષના નિયમને આજે પણ જાળવ્યો છે





રમન ઢીંગરાના રુચિ ઢીંગરા સાથે મેરેજને 15 વર્ષ થયાં છે. તેમનું કહેવું છે કે લગ્ન થયા ત્યારથી વ્રત રાખું છું તો તે નિયમને મેં હજી સુધી ખુશીખુશી જાળવી રાખ્યો છે. હું સવારે સરગી નથી ખાતો અને આખો દિવસ અન્ન-જળ પણ નથી લેતો. સાંજે પૂજા બાદ મારી પત્ની લીંબુ પાણી પીતી હોય છે પણ આકાશમાં ચંદ્ર દેખાય તેની પૂજા થાય પછી જ હું પાણી પીવું છું. અમે એકબીજાને પાણી પીવડાવીએ. દર વર્ષે કરવા ચોથ પર હું વાઈફને ડ્રેસ લઈ આપું. હું આ વ્રત મારી ખુશીથી મારી વાઈફ પ્રત્યે પ્રેમની લાગણી વ્યક્ત કરવા કરું છું. રાત્રે હું અને મારી વાઈફ તથા મારી સિસ્ટર અને બનેવી અમે રેસ્ટોરન્ટમાં ડિનર પર જઈએ. મન ગમતું ફૂડ એન્જોય કરી અમે અમારા આ વ્રતને યાદગાર બનાવીએ. મારા બનેવી હું વ્રત રાખું છું તે બાબતે હળવી મજાક કરતા હોય પણ તેમને પણ હું વાઈફ માટે વ્રત કરું છું તે ગમે છે

## ગુજરાતી હોવા છતાં પત્ની સાથે વ્રત કરે





રાજેન્દ્ર ગઢિયા ગુજરાતી છે અને તેમના લાઈફ પાર્ટનર શિલ્પી રાજસ્થાની સમાજના છે. તેમના લવ મેરેજ છે. રાજેન્દ્રભાઈએ જણાવ્યું કે, અમારા મેરેજને પાંચ વર્ષ થયા. હસબન્ડના દીર્ઘાયુષ્ય માટે પત્ની આખો દિવસ પાણી પણ ના પીતી હોય તો પતિ પણ પત્ની માટે એક દિવસનું વ્રત તો રાખી જ શકે ને! હું મારી પત્ની પ્રત્યે લાગણી દર્શાવવા છેલ્લા 5 વર્ષથી વ્રત કરું છું. પાણીની તરસ તો લાગે પણ એક દિવસ પાણી ના પીએ તો શરીર સુકાઈ થોડી જવાનું છે! હું વ્રતનો આખો દિવસ પત્નીના નામે રાખું. કામધંધાથી છુટ્ટી લઈ લઉં અને પત્નીને મૂવી બતાવું, સરપ્રાઈઝ પ્લાન કરું. ગયા વર્ષે હું તેને સચિન હાઈવે પર લઈ ગયો હતો અને ત્યાં પુલ પરથી તેને ચંદ્રના દર્શન કરાવ્યા હતા. અમે કરવા ચોથ પર એકબીજાને ગિફ્ટ નથી આપતા. આ વખતે 30 તારીખે અમારા નવા ઘરનું મુહૂર્ત છે અને તેના એક દિવસ પહેલા એટલે કે 29 તારીખે કરવા ચોથ છે તો આ વખતની કરવા ચોથની ઉજવણી વિશેષ બની રહેશે.

## 15 વર્ષથી વાઈફ સાથે નિર્જળ વ્રત કરે

સૌરભ ખન્ના છેલ્લાં 15 વર્ષથી તેમની વાઈફ ઈશાબેન સાથે કરવા ચોથનું વ્રત કરે છે. આખો દિવસ ફિલ્ડ વર્ક રહેતું હોવા છતાં વ્રતના દિવસે તેઓ પાણી પણ નથી પીતા. તેમનું કહેવું છે કે મારા અને ઈશાના મેરેજને 15 વર્ષ થયાં ત્યારથી હું આ વ્રત કરું છું. તરસ લાગે પણ કામમાં બિઝી હોઈએ એટલે પીવાના પાણી તરફ ધ્યાન નહીં જાય. સાંજે આકાશમાં ચંદ્ર દેખાય તેની પૂજા થાય બાદમાં અમે એકબીજાને પાણી પીવડાવીએ અને વ્રતનું સમાપન કરી અમે લોંગ ડ્રાઈવ તથા ડિનર ડેટ પર સ્પેશ્યલી જ્યાં પંજાબી ફૂડ મળતું હોય તેવા રેસ્ટોરન્ટમાં જઈએ. કેમકે, અમારા સમાજમાં વ્રત ખોલ્યા બાદ દાલ મખની ખાવી જરૂરી છે. અમારા પરિવારની મહિલાઓ સાંજે એક જગ્યાએ ભેગી થાય અને પૂજા કરે ત્યારે સર્કલમાં પૂજા કરતી સુહાગનો થાળી એકબીજાને પાસ કરે એ એક રસમ નિભાવવામાં આવે. હું કે મારી વાઈફ કરવા ચોથ પર એકબીજાને ગીફ્ટ નથી આપતા પણ સાંજનો બધો સમય વાઈફ માટે હોય.

## છેલ્લા 3 વર્ષથી વ્રત શરૂ કર્યા



આશિષ અરોડા કાપડના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેઓ મૂળ પંજાબના છે પણ ઘણો સમય હરિયાણામાં પણ રહ્યાં હતાં. તેમણે જણાવ્યું કે, મારા સિલ્કી સાથેના લગ્નને 11 વર્ષ થયાં છે. હું કરવા ચોથનું વ્રત છેલ્લાં ત્રણેક વર્ષથી રાખું છું. હું સવારે લગભગ સાડા ચાર વાગે પત્ની સાથે સરગી કરી લઉં, જેમાં ફ્રૂટ્સ, ડ્રાયફ્રૂટ્સ અને પંજાબી ફરસાણ હોય, પછી આખો દિવસ પાણી પણ નહીં પીવાનું. સાચું કહું તો મને આ દિવસે પાણીની તરસ પણ નથી લાગતી. બપોરે 12 વાગે ઓફિસ જાઉં અને સાંજે વહેલા ઘરે આવી જાઉં. મારી વાઈફ મને આ દિવસે વ્રત ખોલ્યા બાદ ક્યારેક ગિફ્ટમાં બ્રેસલેટ તો ક્યારેક રિંગ આપે. મેં પણ તેને રિંગ, મોબાઈલ ફોનની ગીફ્ટ આ પ્રસંગે આપી છે. એકબીજાને જોઈને, એકબીજાને પાણી પીવડાવીને વ્રત ખોલીએ અને પછી રેસ્ટોરન્ટમાં તેને ડિનર ડેટ પર લઈ જાઉં જ્યાં તેને મનગમતું ફૂડ ખવડાવું.

---

ગજેન્દ્ર મજીઠિયા

**'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!..**

## બળતા રાવણમાંથી ફૂટીને લોકો પર પડતા ફટાકડા, બતાવે છે કે માનવ પણ કરે છે રાવણ જેવાં ગતકડાં...




**હર્ષભેર રાવણ દહનને જોવા ભેગી થઈ આખી સભા, પૂતળામાંથી છૂટ્યા ફટાકડા ને ભાગી લોકોની પ્રભા... કર્મ તો આપણાં છે રાવણથી યે વધુ કાળા ને ક્રૂર, તોય પૂતળા પર દોષ ઢોળીને કરીએ છીએ ગર્વ અસૂર... પતંગની જેમ ઊડતા આ ફટાકડા એ માનવીની વાસ્તવિકતા દર્શાવે, પોતાના પાપો ઢાંકવા આજે માણસ બીજાને જ દોષી ઠહેરાવે...!**

---

**સુરતીઓનો પ્રિય તહેવાર ચાંદની પડવો નજીક છે. આપણે સૌ જાણીએ છીએ કે ૧૮૫૭નાં વિપ્લવમાં તાત્યા ટોપેની સેનાને ઊર્જા આપવા માટે 'ઘારી'ની શોધ એક સંતે કરાવી હતી. પરંતુ, ઘારીનાં સર્જક એવા આ ચમત્કારિક સંત ખરેખર કોણ હતા અને તેમનો ભૂતકાળ કેટલો રોમાંચક હતો, તે બહુ ઓછા લોકો જાણે છે. વર્ષ ૧૮૩૮માં સંત નિર્મળદાસજીએ સ્થાનિક કંદોઈ દેવશંકર શુક્લને માવો, સૂકોમેવો અને ઘીથી ભરપૂર શક્તિવર્ધક મીઠાઈ બનાવવા પ્રેરણા આપી હતી.....**

# નિર્મળદાસબાબા: સુરતમાં ઘારીના પ્રણેતાની વણજાણેલી વાતો






આ સંતનું મૂળ નામ અમરાવ શુક્લ હતું. તેમનો જન્મ અયોધ્યાના ઉચ્ચ શુક્લ બ્રાહ્મણ પરિવારમાં વિક્રમ સંવત ૧૮૨૨માં થયો હતો. વૃદ્ધ માતા-પિતાને ટેકો આપવા, માત્ર ૧૨ વર્ષની નાની વયે તેમણે લખનૌના નવાબ આસફ-ઉદ્-દૌલાના દરબારમાં સૈનિક તરીકે નોકરી સ્વીકારી. અમરાવ અત્યંત નીડર અને પ્રમાણિક સૈનિક હતા. વર્ષો સુધી વફાદારીપૂર્વક સેવા આપી, પરિવાર માટે ધન કમાયા બાદ તેમણે નોકરી છોડી દીધી. પરંતુ, થોડા વર્ષો પછી જ્યારે તેઓ ફરી લખનૌ ગયા ત્યારે શાસક નવાબ સાદત-અલીએ તેમને નોકરી આપવાનો ઇનકાર કર્યો. હતાશ થઈને પરત ફરતી વખતે અમરાવનો ભેટો જંગલમાં ડાકુઓની ટોળકી સાથે થયો. સંજોગોના પ્રવાહમાં અમરાવ એક ભયાનક ડાકુ બની ગયા, જેમનું નામ જ લોકોમાં ભય પેદા કરતું હતું. જોકે, ગરીબોને લૂંટવાને બદલે તેમણે સીધી નવાબની તિજોરીઓ જ લૂંટવા માંડી.

એકવાર ડાકુ સરદાર સુબદનનું યુદ્ધમાં મૃત્યુ થયું. અમરાવ જ્યારે તેનું કપાયેલું માથું લઈને સુબદનની પત્ની આશુમતી પાસે ગયા, ત્યારે તે રડવાને બદલે હસી પડી અને ખુશીથી બીજા લગ્ન કરવાની વાત કરી. આ સ્વાર્થી વલણે અમરાવના હૃદયમાં સંબંધો પરથી વિશ્વાસ ઉઠાડી દીધો અને તેમનામાં તીવ્ર 'વૈરાગ્ય' જગાવ્યો.

સંસારની મોહમાયાથી વિરક્ત થઈને અમરાવ સીધા હિમાલય ચાલ્યા ગયા. ત્યાં તેમણે સતત ૧૨ વર્ષ સુધી કઠોર તપસ્યા કરી અને આખરે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. જ્ઞાન પ્રાપ્તિ બાદ તેઓ સદ્‌ગુરુ ઓધવદાસજીના શરણે ગયા. અગાઉ તેમને સ્વીકારવાનો ઇનકાર કરનાર ગુરુજીએ, હવે તેમના શુદ્ધ આત્માને ઓળખીને તેમને હૃદયસરસા ચાંપી દીધા. ગુરુજીએ કહ્યું કે અમરાવના તમામ પાપ ધોવાઈ ગયા છે, અને તેમને નવું નામ આપ્યું - 'નિર્મળ'. સંત નિર્મળદાસે ત્યારબાદ ૧૮ વર્ષ સુધી ગુરુજીના આશ્રમમાં રહીને તેમની અવિરત નિ:સ્વાર્થ સેવા કરી. ગુરુની આજ્ઞા અને આશીર્વાદ મળ્યા બાદ આ સંત સમગ્ર ભારતભ્રમણ અને તીર્થયાત્રાઓ માટે નીકળી પડ્યા.

તીર્થયાત્રા કરતાં કરતાં સંત નિર્મળદાસ દક્ષિણ ગુજરાતમાં નવસારી નજીક દાંડીવલ્લા ખાતે રોકાયા. એક વૃક્ષ નીચે ધ્યાનમાં બેઠેલા આ તેજસ્વી સંતે પોતાના નાના-મોટા ચમત્કારોથી લોકોના હૃદય જીતી લીધા. એકવાર દૂધ લઈને જતી એક ગરીબ મહિલાનું માટલું પડી જતાં તે રડવા લાગી, ત્યારે બાબાના આશીર્વાદથી માટલું ફરી દૂધથી ભરાઈ ગયું. તેમની ખ્યાતિ એટલી વધી કે ત્યાં હનુમાન મંદિર અને એક ગુફા બનાવવામાં આવી. થોડા વર્ષો પછી, છબીલદાસ નામના એક વૃદ્ધ ભક્તની વિનંતીથી કે હવે ઉંમરના કારણે રોજ દાંડી આવવું મુશ્કેલ છે, સંતે સુરત આવવાનું વચન આપ્યું. વિક્રમ સંવત ૧૮૯૨માં તેઓ સુરત આવ્યા અને કોટસફીલ (નવસારી બજાર) ખાતે પોતાનો આશ્રમ સ્થાપ્યો. સુરતના નિવાસ દરમિયાન, તેમનો ભેટો સંત કવિ નેમદાસ, શાયર હરિલાલ, સંત દ્વારકાદાસજી, ભક્ત કવિઓ અને જાદુગર મોહનસિંહ જેવી અનેક વિભૂતિઓ સાથે થયો.

૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે સુરતમાં ગોરા અંગ્રેજોનો ભારે આતંક હતો. સરકારે મંદિરો અને ધર્મસ્થાનોમાં લોકોના ભેગા થવા પર પ્રતિબંધ મૂક્યો હતો. તેમ છતાં, સંત નિર્મળદાસના આશ્રમમાં રોજ ભક્તોની ભીડ જામતી અને સત્સંગ થતો. અંગ્રેજ કલેક્ટરને શંકા ગઈ કે અહીં રાજ્ય વિરોધી પ્રવૃત્તિઓ થાય છે, આથી તેણે સંતને ગિરફ્તાર કરી જેલની અંધારી કોટડીમાં પૂરી દીધા. પરંતુ ત્યારબાદ અકલ્પનીય ચમત્કારો સર્જાયા. એક તરફ સંત જેલની કોટડીમાં ધ્યાનમાં બેઠેલા જોવા મળતા, તો બીજી જ ક્ષણે તેઓ ઘોડા પર સવાર થઈને સુરતના રસ્તાઓ પર ફરતા કે મંદિરમાં આરતી કરતા નજરે પડતા! આ અકળ લીલાથી ગોરા અધિકારીઓ અને સિપાહીઓ સ્તબ્ધ થઈ ગયા.

**અંગ્રેજ કલેક્ટરને શંકા ગઈ કે અહીં રાજ્ય વિરોધી પ્રવૃત્તિઓ થાય છે, આથી તેણે સંતને ગિરફ્તાર કરી જેલની અંધારી કોટડીમાં પૂરી દીધા. પરંતુ ત્યારબાદ અકલ્પનીય ચમત્કારો સર્જાયા**

જ્યારે અત્યાચારી જેલરે સંતની ધ્યાનાવસ્થા ભંગ કરી તેમને હેરાન કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ખુદ મહાબલી હનુમાનજી કોપે ભરાયા અને જેલરને પથ્થર પર પટકીને અધમૂવો કરી દીધો. બીજી તરફ, મધરાતે અંગ્રેજ કલેક્ટરના બંગલાની બહાર અદ્રશ્ય આત્માઓ અને સ્ત્રીઓના રુદન તથા શ્રાપના અવાજો ગુંજવા લાગ્યા. ભયભીત થયેલો ગોરો કલેક્ટર વહેલી સવારે દોડતો જેલમાં પહોંચ્યો, સંતના ચરણોમાં પડી માફી માંગી અને પૂર્ણ સન્માન સાથે તેમને મુક્ત કરી આશ્રમ પહોંચાડ્યા.

સંત નિર્મળદાસજી માત્ર સુરતની પ્રખ્યાત 'ઘારી'ના પ્રેરક જ નહોતા, પરંતુ સુરતના આધ્યાત્મિક અને રાષ્ટ્રપ્રેમના ઇતિહાસમાં પણ તેમનું નામ એક શક્તિશાળી, ચમત્કારિક અને પરમ સંત તરીકે સુવર્ણ અક્ષરે અંકિત છે.

**વારસાની વરિયાળી**

**કોટસફીલ પર વિશાળ મંદિર બાંધવા માટે અજાણ્યા લોકો ઈમારતી લાકડું અને પથ્થરો ભરેલા ગાડાં મૂકી જતા. સંતે કદી કોઈ પાસે દાન ન માંગ્યું, તેથી સુરતની જનતા તેમની સિદ્ધિઓ જોઈને તેમને પ્રેમથી 'ટંકશાળી સાધુ' (ટંકશાળના માલિક) કહેતી.**